## કંપની પરિણામો

# ડીસીએમ શ્રીરામનો ચોખ્ખો નફો 30 ટકા ઘટીને ₹119 કરોડ

**નવી દિલ્હી:** રસાયણ, ખાંડ, બિયારણ અને ખાતર બિઝનેસમાં કાર્યરત ડીસીએમ શ્રીરામ લિમિટેડે ગુરુવારે ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ પૂરા થયેલા બીજા ત્રિમાસિક ગાળા માટે ૩૦ ટકાના ઘટાડા સાથે ₹૧૧૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. કંપનીએ એક વર્ષ અગાઉ સમાન ગાળા માટે ₹૧૬૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, તેમ કંપનીએ નિયમનકારી ફાઈલિંગમાં જણાવ્યું હતું. સમીક્ષા હેઠળના ગાળા દરમિયાન કંપનીની કુલ આવક ત્રણ ટકા વધીને ₹૧,૭૫૩ કરોડ નોંધાઈ હતી જે એક વર્ષ અગાઉ સમાન ગાળા માટે ₹૧,૭૦૦ કરોડ નોંધાઈ હતી. બીજા ત્રિમાસિક ગાળાના અંતે નેટ ડેટ ₹૯૮૩ કરોડ નોંધાઈ હતી. કંપની ₹૧,૬૪૨ કરોડના રોકાણ સાથે આયોજિત વિસ્તરણનો અમલ કરી રહી છે. ગુરુવારે બીએસઈ પર કંપનીનો શેર ૦.૯૫ ટકા ઘટીને ₹૩૯૨.૨૫ બંધ નોંધાયો હતો.